# જમાનો છે ‘બ્યૂટી ટેક’નો




આજની આ દુનિયામાં લગભગ બધી જ વસ્તુ વિજ્ઞાન- ટેકનોલોજી પર આધારિત છે. આપણે દરેક નાની-મોટી જરૂરિયાતો માટે ટેકનોલોજી પર આધાર રાખીએ છીએ. પછી એ વાત કરવા માટે સ્માર્ટ ફોન હોય કે સ્વાસ્થ્ય પર નજર રાખતી સ્માર્ટ વોચ તો પછી ખૂબસૂરતી અને નિખારનું ક્ષેત્ર એનાથી પાછળ કઈ રીતે રહી શકે? યુવતીઓ સારી ત્વચા માટે મોંઘાં ક્રીમ કે દાદી-નાનીના ઘરેલુ નુસખા પર વિશ્વાસ રાખે છે. જ્યારે હવે સમય બદલાયો છે. હવે ખૂબસૂરતીનો નિખાર માત્ર ડબ્બામાં બંધ ક્રીમ, લોશન કે હોમ રેમેડીઝ સુધી સીમિત નથી પરંતુ જમાનો ‘બ્યૂટી ટેક’ના રોમાંચક દોરમાં પ્રવેશી ચૂક્યો છે. આવો અત્યાધુનિક સૌંદર્ય ઉપકરણો પર એક નજર નાંખીએ જે આજે દરેક બ્યૂટી લવરની પહેલી પસંદ બની ચૂક્યાં છે અને તમારા લુકને બદલવાની તાકાત રાખે છે.

## મિની ટોનિંગ ડિવાઈસ

આપણે શરીરને ફીટ રાખવા જીમ જઈએ છીએ પરંતુ ચહેરાની માંસપેશીઓનું શું? મિની ટોનિંગ ડિવાઈસને તમે તમારા ચહેરાનું ‘નાનું જીમ’ કહી શકો. આ એક નાનું અને પોર્ટેબલ બ્યૂટી ટુલ છે. આ ડિવાઈસ માઈક્રોકરંટ ટેકિનક પર કામ કરે છે. આ ટેકિનક ચહેરાની માંસપેશીઓને ઉત્તેજિત કરે છે. જેનાથી અસ્થાયી રૂપે ટાઈટનિંગ, લિફ્ટિંગ અને કંટુરિંગ ઈફેક્ટ મળે છે. એ ચહેરાના સોજા, કરચલી, ફાઈનલાઈન્સ ઓછી તો કરે જ છે, સાથે ત્વચાની અંદર નેચરલ કોલેજન અને ઈલાસ્ટિનના પ્રોડકશનને પણ વધારે છે. પરિણામ? એક એવી ત્વચા જે યંગ, ટાઈટ અને ગ્લો કરતી દેખાય છે.

## LED ફેસમાસ્ક

શકય છે કે તમે સોશ્યલ મીડિયા પર સેલિબ્રિટીઝને શાઈની માસ્ક પહેરેલાં જોયાં હોય. આ કોઈ મામૂલી માસ્ક નહિ પરંતુ LED માસ્ક છે. આ ટેકનોલોજી આજે સ્કિનકેરની દુનિયામાં ક્રાંતિ લાવી રહી છે.

LED ફેસ માસ્ક લીલા, પીળા, ભૂરા અને ઈન્ફ્રારેડ જેવા વિભિન્ન રંગોની રોશનીનો ઉપયોગ કરે છે. દા.ત. લાલ લાઈટ કરચલી ઓછી કરવા અને કોલેજનને વધારવા માટે, ભૂરી લાઈટ ખીલના બેકટેરિયાનો નાશ કરવા, લીલી લાઈટ પિગમેન્ટેશન અને ડાર્ક સ્પોર્ટસ ઓછાં કરવા. એ ઘરબેઠાં જ કોઈ દુખાવા વિના તમારી ત્વચાનો કાયાકલ્પ કરે છે.

## પોર એક્સટ્રેક્ટર્સ



ચહેરા પર થતાં જીદ્દી બ્લેકહેડ્સ અને વ્હાઈટ હેડ્સ મોટા ભાગે પરેશાનીનું કારણ બને છે. હાથથી દબાવીને કાઢવાથી ઈન્ફેકશન અને નિશાન પડવાનું જોખમ રહે છે. અહીં મદદે આવે છે પોર એકસટ્રેક્ટર.

આ ટુલ ‘સકશન ટેકનોલોજી’ પર કામ કરે છે. એમાં મેટલના લુપ અને સકશન ડિવાઈસ હોય છે અને વેક્યુમ કિલનરની જેમ કામ કરે છે. જે રોમછિદ્રોમાં જમા થયેલી ગંદકી, તેલ અને ડેડ સ્કિનને સકશન દ્વારા ખેંચી લે છે. એનો ઉપયોગ કર્યા બાદ ત્વચા એકદમ સાફ અને સ્મુધ બની જાય છે.



અલબત્ત એનો બહુ જોરથી અથવા એક જ જગ્યાએ વધારે સમય સુધી ઉપયોગ ન કરો. એનાથી ત્વચાને નુકસાન, રકતવાહિનીઓ ફાટવી, ડાઘ કે ઉઝરડા પડી શકે છે.

## આઈબ્રો પ્રિન્ટર્સ

પર્ફેક્ટ આઈબ્રો શેપ બનાવવો એક કળા છે અને દરેક વ્યક્તિ એમાં પારંગત નથી હોતી. ક્લાકો સુધી અરીસા સામે ઊભા રહી આઈબ્રો પેન્સિલ ઘસવાના દિવસો હવે ગયા. આઈબ્રો પ્રિન્ટર્સ આ ફિલ્ડની સૌથી નવી ટેકનોલોજી છે.

આ ડિવાઈસ તમારા સ્માર્ટ ફોનની એપ સાથે કનેક્ટ થાય છે. સૌથી પહેલાં એ તમારા ચહેરાને સ્કેન કરે છે અને તમારા ફેસ કટ પ્રમાણે બેસ્ટ આઈબ્રો શેપ સજેસ્ટ કરે છે. ત્યાર બાદ બસ એક સ્વાઈપ અને માઈક્રોબ્લેન્ડિંગની જેમ મનપસંદ લુક આપે છે. આ એક અસ્થાયી ટેટુ ટેક્નિક જેવું છે. જે મિનિટોમાં તમને પ્રોફેશનલ લુક આપે છે.

## હીટેડ આઈલેશ કલર્સ



નમેલી અને બેજાન પાંપણો આખા મેકઅપના લુકને ખરાબ કરી શકે છે. ટ્રેડિશનલ સ્ટીલના આઈલેશ કલર્સમાં મોટા ભાગે પાંપણો તૂટવા કે ખેંચાવાનો ડર રહે છે. હીટેડ આઈલેશ કર્લર્સે આ પરેશાનીનો ઉકેલ શોધી લીધો છે. હીટેડ આઈલેશ કર્લર બેટરીથી ચાલતાં બ્યૂટી ટુલ્સ છે. એ વાળ માટેના કર્લિંગ આયર્ન જેવું કામ કરે છે. આ ડિવાઈસ સાધારણ ગરમ હોય છે. એને નિયંત્રિત કરી અને ધીમે ધીમે ઉપયોગ કરી પાંપણોને અસરકારક કર્લ કરી શકાય છે. પાંપણોને એક એવો ‘લિફ્ટ’ આપે છે જે લાંબો સમય ટકે છે. એની સૌથી સારી બાબત એ છે કે એ મોટા ભાગે USB ચાર્જર સાથે આવે છે એટલે ટ્રાવેલ દરમિયાન કેરી કરવાનું આસાન થઈ જાય છે.

આ બ્યૂટી ટુલ્સ માત્ર સમય જ નથી બચાવતાં પરંતુ પ્રોફેશનલ પરિણામ પણ આપે છે. તમે પણ તમારા જૂના બ્યૂટી રૂટિનમાં બદલાવ લાવવા ઈચ્છતાં હો તો આ સ્માર્ટ ગેજેટ અજમાવો.

